Letter No: WCDD/0042/11/2023 Dt: 26-11-2023

આંગણવાડી કાર્યકર, તેડાગર બહેનોને નિવૃત્તિ/રાજીનામા સમયે ગ્રેજ્યુઈટીના ચુકવણાની ગણતરી ઓનલાઈન e-HRMS સોફ્ટવેર મારફત કરવા તેમજ સોફ્ટવેરના ફિચર્સ નક્કી કરવા માટે નવી સમિતિની રચના કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

WCDD/AMR/e-file/23/2023/1130/B1

સચિવાલય,ગાંધીનગર

વંચાણે લીધા :

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૨/૦૮/૨૦૨૩નો પત્ર ક્રમાંક: મકમ-૩/આઈસીડીએસ/આં.વા.કા.તે./ગ્રેચ્યુટી/સ.ર./૨૦૨૩-૨૪

(૨) ધી પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઈટી એક્ટ, ૧૯૭૨

(૩) નામ. સુપ્રિમ કોર્ટના SLP/30193/2017 તેમજ સંલગ્ન કેસોમાં આપેલ તા.૨૫/૦૪/૨૦૨૨ નો ચુકાદો

(૪) વિભાગનો તા.૨૫/૦૧/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: WCDD/AMR/e-file/23/2022/0814/B1

ઠરાવ:

વંચાણે લીધા (૧) થી આંગણવાડી કાર્યકર, તેડાગર બહેનોને નિવૃત્તિ/રાજીનામા સમયે ગ્રેજ્યુઈટીના ચુકવણાની ગણતરી ઓનલાઈન e-HRMS સોફ્ટવેર મારફત કરવા તેમજ સોફ્ટવેરના ફિચર્સ નક્કી કરવા માટે નવી સમિતિની રચના કરવા બાબત આઈસીડીએસ કચેરીએ દરખાસ્ત કરી છે. આઈસીડીએસ યોજના હેઠળના માનદવેતન મેળવતા આંગણવાડી કાર્યકર, તેડાગર અને મીની આંગણવાડી કાર્યકર બહેનોને તેઓના માનદસેવા દરમિયાનના સમય માટે નિવૃતિ સમયે ગ્રેજ્યુઈટી આપવા વંચાણે લિધાં (૨), (૩) અને (૪) અન્વયે નિર્ણય લેવામાં આવેલ છે. ગ્રેજ્યુઈટીના ચુકવણાની ગણતરી ઓનલાઈન e-HRMS સોફ્ટવેર મારફત કરવા તેમજ સોફ્ટવેરના ફિચર્સ નક્કી કરવા માટે નવી સમિતિની રચના કરવી જરુરી જણાય છે.જેને અનુલક્ષીને નીચે મુજબની સમિતિ ઠરાવવામાં આવે છે.

| ક્રમ | હોદ્દો | વિગત |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર. | અધ્યક્ષશ્રી |
| ૨ | ઉપ સચિવશ્રી(આઈસીડીએસ), મહિલા અને બાળ વિકાસ વિભાગ. | સભ્યશ્રી |
| ૩ | નાયબ નિયામકશ્રી(TAI), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૪ | નાયબ નિયામકશ્રી(નાણાં), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૫ | મદદનીશ નિયામકશ્રી (વહીવટ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર. | સભ્ય સચિવશ્રી |
| ૬ | મદદનીશ નિયામકશ્રી (IT), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૭ | હિસાબી અધિકારીશ્રી (વર્ગ-૧), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૮ | પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર. | સભ્યશ્રી |
| ૯ | કાયદા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર | સભ્યશ્રી |

ઉક્ત અધિકારીશ્રીઓએ અધ્યક્ષશ્રી દ્વારા નિર્ધારિત સમય તથા સ્થળે બેઠક માટે ઉપસ્થિત રહેવાનું રહેશે.આ અંગે યોજાતી બેઠકોમાં થયેલ કાર્યવાહીનો વિગતવાર અહેવાલ વિભાગના સચિવશ્રીને રજૂ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે.આઈ.લેઉવા

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

નકલ રવાના-:

1. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.
3. નાયબ નિયામકશ્રી(નાણાં), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.
4. નાયબ નિયામકશ્રી(TAI), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.
5. ઉપ સચિવશ્રી(આઈસીડીએસ), મહિલા અને બાળ વિકાસ વિભાગ.
6. મદદનીશ નિયામકશ્રી (વહીવટ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.
7. મદદનીશ નિયામકશ્રી (IT), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.

Letter No: WCDD/0042/11/2023 Dt: 26-11-2023

8. હિસાબી અધિકારીશ્રી (વર્ગ-૧), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર.
9. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ગાંધીનગર.
10. કાયદા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર.
11. શાખા સિલેક્ટ ફાઇલ

Signature valid
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.11.28
14:52:45 +05:30

File No: WCDD/AMR/e-file/23/2023/1130/B1 Branch
Approved By: K K Nirala(Secretary,WCDD)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*